બેંક એકાઉન્ટ ભાડે આપનાર બે ભાઈ સામે કાર્યવાહી

સાયબર ફ્રોડના રૂપિયા 15.98 લાખ મળતિયાઓને પહોંચાડ્યા હતા

વાપી : સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ દ્વારા સાયબર ફ્રોડમાં સંડોવાયેલા મ્યુલ બેંક ખાતાઓ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા માટે વાપી ઉદ્યોગનગર પોલીસને મળેલી માહિતી આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં વાપી ગુંજન બ્રાંચની ટી.જી.એસ.બી. બેંક તથા આઈડીએફસી બેંક વાપીનુ ખાતુ શંકાસ્પદ લાગતા તેની વિગતો તપાસ કરતા ખાતાધારક વિમલેશ મુરાલીલાલ યાદવ (ઉ.આ.25, હાલ રહે. સમન્વય પાર્ક, હરીયા પાર્ક, ડુંગરા, વાપી) અને સુનિલ મુરારીલાલ યાદવ (ઉ.26, હાલ રહે. દેસાઈ એપાર્ટમેન્ટ ફર્સ્ટ, ડુંગરા, વાપી બંને મૂળ રહે. યુપી) હોવાનું અને બંને ભાઈઓના બેંક ખાતા ઉપર અલગ-અલગ રાજયમાં સાયબર ફ્રોડ કમ્પ્લેન થઈ હતી.

બંને ભાઈઓએ પોલીસની પૂછપરછમાં જણાવ્યું હતું કે, રમઝાનવાડી છરવાડામાં રહેતો આબીદ જલીલ શેખે જણાવ્યું હતું કે, સાયબર ફ્રોડના નાણા માટે બેંક એકાઉન્ટની જરૂર છે અને જે રકમ આવશે તેનું કમિશન મળશે. જે બાદ તેઓએ પોતાના તથા માતાના જુદી-જુદી બેંકના ખાતા નંબર આપ્યા હતા. આ ઉપરાંત તેના મિત્ર દિનેશ ધર્મેન્દ્ર કુમાર બિન્દ (રહે. મોટા ગરનાળાની બાજુમાં આવેલ મધર ટેરેસા સ્કૂલની બાજુમાં, વાપી) એ બેંક ખાતુ માંગતા તેને પણ આપેલું હતું. ખાતામાં જમા થતી રકમ તેઓ મેળવી મળતિયાઓને પહોંચાડી દેતા હતાં. અલગ-અલગ રાજ્યમાં સાયબર ફ્રોડના કુલ નાણા 15,98,821 એકાઉન્ટમાં મેળવી મળતિયાઓને પહોંચાડ્યા હોવાનું બહાર આવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

વિજલપોર નજીક રેલવે ટ્રેક પર ટ્રેનથી ગભરાઈ ગરનાળામાં પડતાં યુવાનનું મોત

નવસારી : નવસારી જિલ્લાના વિજલપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ગોકુલપુરા નજીક રેલવે ટ્રેક પર બનેલી એક કરુણ દુર્ઘટનામાં યુવાનનું મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ તારીખ ૧૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સવારે આશરે ૮ વાગ્યાના અરસામાં ગોકુલપુરા પાસે આવેલા રેલવે ટ્રેકની નીચે આવેલા ગરનાળા પાસે આ બનાવ બન્યો હતો. મૃતકની ઓળખ સુશીલ માધુસિંહ ચૌહાણ (ઉંમર ૨૭) તરીકે થઈ છે. તેઓ મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ઉન્હાલા ગામના રહેવાસી હતા. અકસ્માતની વિગત મુજબ સુશીલ ચૌહાણ રેલવે ટ્રેક ઉપર ચાલતા જતા હતા. તે દરમિયાન પાછળથી અચાનક મુંબઈ તરફ જતી માલગાડી આવી પહોંચતા તેઓ ગભરાઈ ગયા હતા. સંતુલન ગુમાવતા તેઓ રેલવે ટ્રેકની બાજુમાં આવેલા ગરનાળામાં પડી ગયા હતા. આ ઘટનામાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતાં તાત્કાલિક તેમને સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

દિવસો સુધી પડી રહેતા મોટા વાહનો, પોલીસે પકડેવલા વાહનો સાથે રસવાળા, ફ્રૂટની લારીઓ પણ સર્જતી ટ્રાફિક સમસ્યા

વલસાડમાં ઠેર ઠેર દબાણોનું ટ્રાફિક

દુકાનોના દબાણો, આડેધડ પાર્કિંગ, લારીઓની લાંબી કતારો તંત્રને દેખાતી નથી!

કચેરી રોડ ઉપર દિવસ દરમિયાન સૌથી વધુ મુશ્કેલી, રોટરી સર્કલ નજીક મૂકાતા વાહનોને દૂર કરવા જરૂરી

વલસાડઃ વલસાડ શહેરમાં દિન-પ્રતિદિન ટ્રાફિક સમસ્યા વધી રહી છે. જેમાં વાહનચાલકો દ્વારા, દુકાનદારો દ્વારા આડેધડ પાર્કિંગ, દુકાનો રોડ સુધી લંબાવી ગેરકાયદે દબાણ ઉપરાંત નગરપાલિકા અને પોલીસની નિષ્ક્રિયતા પણ એટલી જ જવાબદાર છે.

જૂની કલેક્ટર કચેરી સામે ટુ વ્હીલર ગેરેજ સામે દુકાનો સામે મૂકતા વાહનો, આવાંબાઈ હાઈસ્કૂલ નજીકની દુકાનો આગળ માર્ગ ઉપર જ વાહન પાર્કિંગ જોવા મળે છે. સાથે સ્ટેડિયમ રોડ ઉપર, કોર્ટ પાછળ કચેરી રોડ તરીકે ઓળખતા માર્ગ ઉપર આડેધડ વાહનોના પાર્કિંગ, આંખની હોસ્પિટલ નજીક દિવસો સુધી પડી રહેતા મોટા વાહનો, પોલીસ દ્વારા પકડવામાં આવેલા વાહનોની સાથે આ માર્ગની બંને બાજુ હાલમાં રસવાળા, ફ્રૂટ લારીઓ પણ ટ્રાફિક સમસ્યા સર્જી રહ્યા છે. તો કલ્યાણ બાગના મુખ્ય દરવાજા અને પાર્કિંગ સામેના દરવાજા નજીક ફ્રૂટ, મોબાઈલ સંલગ્ન વસ્તુઓ વેચતા વેપારીઓ, ગરમ વસ્તુ ઓ વેચતા વેપારીઓની લારીઓ, ડેપોની સામે વાહન પાર્કિંગ પણ ટ્રાફિક સમસ્યામાં વધારો કરી રહ્યું છે. કલ્યાણ બાગ સામે રોટરી સર્કલ ફરતે મૂકાતા વાહનો, રિક્ષાઓના ખડકલા પણ ટ્રાફિક નિયમિત ચાલવામાં અવરોધરૂપ બની રહ્યા છે.

બેચરરોડ ઉપર પોકેટ ગાર્ડન-વોકવેએ સુવિધાના બદલે સમસ્યા વધારી

વલસાડ પાલિકા દ્વારા બેચર રોડ ઉપર તરણ કુંડ નજીક દિવાલ તોડી બનાવવામાં આવેલો પોકેટ ગાર્ડન સુવિધા કરતાં દુવિધા વધારી રહ્યો છે. ગાર્ડન સાથે બનાવવામાં આવેલો વોક વે પણ હાલ તો નકામો બની રહ્યો છે. અહીં ફ્રૂટ બજાર હોય તેમ ફ્રૂટની લારી કતારબધ્ધ ખડકાઈ ગઈ છે. ઉપરાંત વહેલી સવારે સૌરાષ્ટ્ર તરફથી આવતી ખાનગી લક્ઝરી બસો પણ ગમે ત્યાં પાર્ક કરી દેવાતા રોજબરોજ ટ્રાફિક સમસ્યા વિકરાળ બની રહી છે.

કોસંબા રોડ ઉપરના ગેરકાયદે દબાણો ક્યારે હટાવાશે?

આ માર્ગનો ઉપયોગ વિવિધ કોલેજોના હજારો વિદ્યાર્થીઓ, નજીકની સોસાયટીના રહીશો, કોસંબા તરફના ગ્રામજનો કરે છે. ત્યારે આઝાદ ચોકથી લઈ કોસંબા રોડ થઈ ધોબી તળાવ પોલીસ ચોકી સુધીના માર્ગ ઉપર આવેલા ગેરેજ ટ્રાફિકની સમસ્યા વધારી રહ્યા છે. દુકાનદારો દ્વારા વધારેલા દબાણો, ગ્રાહકોના વાહનો, મસ્જિદ નજીક ખાણીપીણીના સ્ટોલ સામે થતાં વાહન પાર્કિંગ પણ ટ્રાફિક સમસ્યા વધારી રહ્યા છે. પાલિકા અને પોલીસની મીઠી નજર સમક્ષ થતાં ગેરકાયદે દબાણો, આડેધડ પાર્કિંગને ક્યારે હટાવી દૂર કરાશે, તેના પર શહેરીજનો નજર રાખી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

CMના હસ્તે નવસારી મનપાને 40 કરોડની સહાય

નવસારીઃ અમદાવાદ ખાતે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે નવસારી મહાનગરપાલિકાને સર્વાંગી વિકાસના વિવિધ કાર્યો માટે કુલ રૂ.40 કરોડની રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ આર્થિક સહાયથી નવસારી શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, માર્ગ-ડ્રેનેજ સુવિધાઓ, પાણી પુરવઠા વ્યવસ્થા, સ્વચ્છતા, તેમજ નાગરિક સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાના કામોને વેગ મળશે. રાજ્ય સરકાર દ્વારા શહેરોના સર્વાંગી વિકાસ માટે અપાતી સતત સહાયના ભાગરૂપે નવસારીને આ મહત્વપૂર્ણ ફાળવણી મળતાં સ્થાનિક વિકાસ યોજનાઓને નવી દિશા મળશે. આ પ્રસંગે રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ, લોકપ્રતિનિધિઓ અને નવસારી મહાનગરપાલિકાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેરના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેવો સંદેશ આ ચેક વિતરણ દ્વારા સ્પષ્ટ થયો છે.

ઉમરગામના સરોંડાથી નારગોલ દરિયાઈ જેટી સુધી પોલીસનું સઘન પેટ્રોલિંગ

ઉમરગામ : દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં લઇ ઉમરગામ મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ઉમરગામના સરોંડાથી નારગોલ દરિયાઈ જેટી સુધી સઘન પેટ્રોલિંગ ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. ગુજરાત રાજ્યમાં દરિયાઈ સુરક્ષાની અતિ મહત્વપૂર્ણ કામગીરી સંભાળતા અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા તથા મરીન સેક્ટર કમાન્ડર અને પોલીસ અધિક્ષક હજીરા સુરત એસ.જે પરમારના માર્ગદર્શન હેઠળ ઉમરગામ મરીન સેક્ટર લીડર નાયબ પોલીસ અધિક્ષક એએમ કુગસિયા તથા મરીન ટીમ લીડર પીએસઆઇ કે સી પટેલ અને મરીન કમાન્ડરો સાથે બુધવારે ઉમરગામ તાલુકાના સરોંડા ગામથી નારગોલ જીટી સુધીના દરિયાકાંઠા વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ કરી મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા બોટ સહિત અવાવરૂપ જગ્યાઓનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.

નાતાલની ઉજવણીની પરવાનગી રદ કરવા આવેદનપત્ર

વાંસદા : વાંસદા તાલુકાના કે વડી ગામે આદિવા સી સમાજની લાગણી દુભાય તેવા ધર્મ પરિવર્તનના પ્રયાસો અને નાતાલની ઉજવણીના આયોજન સામે દેવ બિરસા સેના તથા અગ્નિવીર હિન્દુ સંગઠન દ્વારા ઉગ્ર વિરોધ સાથે વાંસદા મામલતદારને આવેદનપત્ર પાઠવીને આગામી ૨૫ ડિસેમ્બરના કાર્યક્રમની પરવાનગી તાત્કાલિક અસરથી રદ કરવા માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, કેવડી ગામમાં રહેતા કેટલાક લોકો દ્વારા હિન્દુ આદિવાસી હોવા છતાં ગેરકાયદે રીતે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. સંગઠનનો દાવો છે કે સરકારી દફતરે આ વિસ્તારમાં કોઈ ખ્રિસ્તી નોંધાયેલા નથી, તેમ છતાં આદિવાસી સમાજમાં વટાળ પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે જેનો સમાજ સખત વિરોધ કરે છે. આથી ૨૫/૧૨/૨૦૨૫ ના રોજ નાતાલની ઉજવણી માટે અપાયેલી પરવાનગી વહીવટી તંત્ર તુરંત પાછી ખેંચે તેવી માંગણી છે. સંગઠનના હોદ્દેદારોએ કડક શબ્દોમાં ચીમકી આપતા જણાવ્યું છે કે જો વહીવટી તંત્ર દ્વારા આ કાર્યક્રમો અટકાવવામાં નહીં આવે તો તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે. આ સાથે જ વાંસદા મામલતદાર કચેરી ખાતે ભૂખ હડતાલ અને 'જેલ ભરો' આંદોલન કરવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે. આ પ્રસંગે સંગઠનના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ખૂંધ ખાડા પાસે ક્રેઇન સાથેના અકસ્માતમાં વૃધ્ધ બાઇક ચાલકનું મોત

ઘેજ : ચીખલીના ખૂંધ ખાડા પાસે ક્રેઇન અને બાઇક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં વૃધ્ધ બાઇક ચાલકનું સ્થળ ઉપર મોત નિપજ્યું હતું. જ્યારે અજાણી મહિલાને સારવાર લેવાની નોબત આવી હતી. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના ઢોલુમ્બર મંદિર ફળીયા ખાતે રહેતા રામાભાઇ વેરાગભાઇ પટેલ (ઉ.વ-૬૬) તથા લીલાબેન નામની મહિલા સાથે મંગળવારની સવારના સમયે કામકાજ અર્થે ચીખલી મોટર સાયકલ નં-જીજે-૨૬-બી-૨૪૨૫ લઈ આવી પરત રાનકુવા તરફ જઈ રહ્યા હતા. દરમ્યાન ખૂંધ ખાડા એ.બી. સ્કૂલ સામે આવતા ક્રેઇન નં-જીજે-૨૧-ક્યુક્યુ-૧૧૧૪ ના ચાલકે ક્રેઇન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી મોટર સાયકલ ચાલક રામાભાઇ પટેલને અડફેટે લેતા શરીરે ગંભીર ઇજા પહોંચતા મોત નિપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલ લીલાબેનને હાથમાં ફ્રેક્ચર થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ભાજપના મહિલા સભ્યના પતિને રૂપિયા 22 હજાર આપ્યા

વલસાડ પાલિકાના મહિલા સભ્યના પતિદેવને આપેલા પૈસાની ઓડિયો ક્લિપ વાઇરલ

ચિકનની લારી નહીં હટાવવા પૈસા લીધા પણ પાલિકાના દબાણ ખાતાએ લારી ઉંચકી લીધી

વલસાડ : વલસાડના અતુલમાં રહેતા અને અબ્રામામાં છૂટક ચીકનનું વેચાણ કરનારે પોતાની કેબિન કાયદેસર કરવા માટે પાલિકાના ભાજપના મહિલા સભ્યના પતિને રૂપિયા 22 હજાર આપ્યા હતા.

જોકે, માર્ગ મકાન વિભાગની રોડની કામગીરીમાં કેબિન નીકળી ગઈ હતી. ત્યારે તેણે પૈસા પરત માંગતા સભ્યના પતિએ પૈસા પરત ન કરતાં તેની સાથે વાતચીત કરી તેની ઓડિયો ક્લિપ વાઈરલ કરી દીધી છે. અને એસીબીમાં ફરિયાદ કરી છે.

વલસાડ પાલિકાના અબ્રામા વિસ્તારના ચીકનના વેપારીએ કાચી કેબિન કાયદેસર કરાવવા લાયસન્સ માટે પાલિકાના ભાજપ બેઠક પરથી ચૂંટાયેલા સભ્યના પતિને રૂપિયા 22 હજાર આપ્યા હતા. જોકે, ત્યારબાદ માર્ગ મકાન વિભાગની કાર્યવાહીમાં તેની કેબિન જ નિકળી ગઇ હતી. જેને લઇ વેપારીએ પોતાના પૈસા પરત માંગ્યા હતા. જે સભ્યના પતિએ પરત કર્યા ન હતા અને તેનો ફોન ઉંચકવાનો પણ બંધ કરી દીધો હતો.

આ દરમિયાન વેપારીએ પોતાના મિત્રના ફોનથી સભ્યના પતિને ફોન કરી તેમાં પૈસાની વાત કરી વાત રેકોર્ડ કરી લીધી હતી.

જેના આધારે તેણે સભ્યના પતિ વિરૂદ્ધ એસીબીમાં ફરિયાદ કરી હતી. તેમજ આ ક્લિપ સોશ્યલ મીડિયા પર વાઇરલ કરી હતી. આ આખા મુદ્દે વલસાડ પાલિકા ફરીથી વિવાદમાં આવી છે.

વલસાડના તિથલ બીચ પર અંધારપટ છવાયો

- સમગ્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ ભારતભરમાં જાણીતા તિથલ દરિયા કિનારે હાલમાં અંધારપટ છવાઈ ગયો છે. તિથલ ગ્રામ પંચાયત દ્વારા તિથલ બીચ પર લગાવાયેલી તમામ સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં જોવા મળી રહી છે. પંચાયત દ્વારા પર્યટકોને અપાતી સુવિધામાં કોઈ ઠેકાણાં જ નથી. ઠેર ઠેર ગંદકીના ઢગ, સફાઈનો અભાવ, પર્યટકોને બેસવા માટે કોઈ બાંકડા કે ઓટલા નથી. પાર્કિંગનો ચાર્જ વસૂલવા છતાં નજીકમાં આવેલા શૌચાલયમાં પણ ગંદકીની બદબૂ ફેલાતી જોવા મળી રહી છે. પંચાયતના કારભારીઓ તિથલ બીચની સુંદરતા વધારવામાં કોઈ જ રસ દાખવતા ન હોવાનું સહેલાણીઓ ગણગણી રહ્યા છે. સંધ્યાકાળ થતાં જ તિથલ બીચ પર અંધારપટ છવાઈ જાય છે. બીચ પર અંધારાના કારણે કોઈ અનિચ્છનીય ઘટના બને તો જવાબદાર કોણ?

સાઈબર ઠગો આરપીએફ કર્મીને ઠગીને રૂપિયા 4.88 લાખ પડાવી ગયા

શેર બજારમાં રોકાણ કરી ઉંચો નફો કરવાની લાલચ આપી ઠગાઇ, એક વખત ઠગાઇની ખબર પડી પછી પણ ઠગાઇ થઇ

વલસાડ : વલસાડમાં એક તરફ પોલીસ વલસાડના સાઈબર ઠગોને જેર કરવા મથામણ કરી રહી છે, તો બીજી તરફ અન્ય રાજ્યના સાઈબર ઠગો પોતાનો કસબ અજમાવી વલસાડના લોકોને ઠગી રહ્યા છે. જેમાં કોઈપણ બાકાત રહેતું નથી.

સાઈબર ઠગોએ હાલ વલસાડના આરપીએફ ટ્રેનિંગ સેન્ટરના એક કર્મચારીને જ પોતાની જાળમાં ફસાવી તેની સાથે રૂપિયા 4.88 લાખની ઠગાઈ કરી હતી. તેમણે તેને શેરબજારમાં રોકાણ કરી નફો કરવાની લાલચ આપી તેની પાસેથી પૈસા પડાવી લીધા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ આરપીફ ટ્રેનિંગ સેન્ટરમાં ફરજ બજાવતા કર્મચારીનો ટેલિગ્રામ એપ પર સાઈબર ઠગનો ભેંટો થઈ ગયો હતો. તેણે આરપીએફ કર્મચારીને શેર બજારમાં રોકાણની લાલચ આપી હતી અને તેની પાસેથી પોતે શોધેલા મ્યુલ એકાઉન્ટમાં પૈસા જમા કરાવવાની શરૂઆત કરી હતી. જેમાં એક પછી એક ટ્રાન્ઝેક્શન કરાવી રૂપિયા 4.88 લાખ જમા કરાવી લીધા હતા. આ વચ્ચે આરપીએફ કર્મચારીને શંકા જતાં તેણે ફોન કરતાં પોતે એનપીસીએલના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી તેને જણાવ્યું કે, તમારી સાથે ઠગાઈ થઈ હોવાનું સામેથી જણાવ્યું હતુ.

એવું કહીને પછી પણ તેણે આરપીએફ કર્મચારી પાસેથી પૈસા પડાવવાનું ચાલુ રાખ્યું હતુ. આખરે તેણે આ સંદર્ભે સાઈબર હેલ્પલાઈન પર ફોન કરી સાઈબર પોલીસ મથકે તેની ફરિયાદ કરી હતી. ત્યારે પોલીસે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો દખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઇજારદારને રૂપિયા ૬.૦૭ કરોડ ચૂકવવાના કોર્ટનાં આદેશ પ્રકરણમાં

બીલીમોરા પાલિકાનું રૂપિયા ૧.૬૬ કરોડમાં શરતી સમાધાન

બીલીમોરા પાલિકાની સાધારણ સભામાં વિપક્ષી સભ્યોની તટસ્થ ભૂમિકા વચ્ચે એજન્ડાનાં ૬ કામ બહુમતીથી પસાર

બીલીમોરા : બીલીમોરા નગરપાલિકાની મંગળવાર બપોરે પ્રમુખ મનીષ પટેલના અધ્યક્ષ સ્થાને સાધારણ સભા મળી હતી. જેમાં વિપક્ષી સભ્યોની તટસ્થ ભૂમિકા વચ્ચે એજન્ડા ઉપરનાં ૬ કામોને બહુમતીથી પસાર કરાયા હતા. પાલિકા વિરુદ્ધ વાપીનાં ઇજારદાર રાજપરા બ્રધર્સે તેમના કામોના બાકી લેણા મામલે વિવાદ સર્જાયો હતો. આથી તેમણે આર્બિટ્રેશનમાં દાદ માંગી હતી. જેમાં તેમની તરફેણમાં ૯ ટકા ચઢત વ્યાજ સાથે ૧૮ ટકા જીએસટી સાથે રૂપિયા ૬.૦૭ કરોડ ઇજારદારને ચૂકવવાનો પાલિકાને હુકમ કર્યો હતો. જેની સામે પાલિકાએ કોર્ટમાં અપીલ કરતા કોર્ટે પાલિકાને ઇજારદારને રકમની ચુકવણી કરવા આદેશ ફરમાવ્યો હતો. છતાં ઇજારદારને રૂપિયા નહીં મળતા કોર્ટમાં દાદ માંગી હતી. જેમાં નવસારી કોર્ટે પાલિકાની જંગમ મિલકત જપ્ત કરવાનો વોરંટ ઇસ્યુ કરી દીધો હતો. ત્યારબાદ પાલિકા તરફથી આ મામલે યોગ્ય સમાધાન લાવવા માટે ઇજારદારને લેખિત ખાતરી અપાઈ હતી. જેના માટે ત્રણ મહિનાનો સમય માંગવામાં આવ્યો હતો. અને જપ્તી અટકી હતી. જે બાદ પણ શાસકો ત્રણ મહિના લાપરવાહ રહ્યા હતા. અને મુદ્દત પુરી થાય તેના થોડા સમય અગાઉ સામાન્ય સભામાં આ કામ લાવવામાં આવ્યું હતું. આમ પાલિકા ટાઈમ પાસ કરી રહી છે એવું અનુભવતા ઇજારદારે બીજી વખત કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જેમાં કોર્ટે ફરીથી જપ્તી માટે વોરંટ કાઢતા શાસકો રઘવાયા બન્યા હતા. અને ઇજારદાર સાથે આ મુદ્દે રૂપિયા ૧.૬૬ કરોડમાં શરતી સમાધાન કરી જપ્તી અટકાવી હતી અને આ કામને આજે બોર્ડની મંજૂરી માટે લાવ્યા હતા.

ભાજપીઓને વહીવટ ચલાવતા આવડતું નથી

પાલિકાના વિપક્ષી સિનિયર સભ્ય મલંગ કોલીયાએ શાસકોને આડે હાથ લેતા પૂછ્યું હતું કે ઇજારદાર સાથેનો વિવાદ અને કોર્ટનો ચુકાદો ભાજપ શાસનમાં જ થયો છે. તમને વહીવટ ચલાવતા આવડતું નથી એ પુરવાર થાય છે. પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે સંકલનનો અભાવ દેખાઈ રહ્યો છે ત્યારે ચૂંટાયેલા સભ્યોને આ સમગ્ર પ્રકરણથી કેમ વાકેફ કરાયા ન હતા? શું રૂપિયા પાલિકા ચૂકવી શકે છે? હાઇકોર્ટમાં કેમ અપીલ કરતા નથી. આમ પ્રશ્નોનો મારો ચાલતા શાસક પક્ષના કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલે કહ્યું હતું કે સૌથી વ્યવહારુ માર્ગ સમાધાનનો છે. જપ્તી વોરંટ પ્રથમવાર વહીવટદારનાં શાસનમાં આવ્યો હતો. તમારે વિરોધ નોંધાવવો હોય તો નોંધાવી શકો છો. .

કોર્ટે પાલિકાને ૬ કેસમાં ૬૦ હજારનો દંડ ફટકાર્યો

બીલીમોરા પાલિકાને કુલ ૬ કેસમાં રૂપિયા ૧૦-૧૦ હજાર લેખે કુલ રૂપિયા ૬૦ હજારનો કોર્ટે દંડ ફટકાર્યો હતો. પાલિકાએ ચેક જમા કરાવ્યો હોવાનું જાણવા મળે છે. સભામાં સીટી ઇજનેર સંકેત પટેલને પ્રમુખે માહિતી આપવા જણાવતા તેમણે કહ્યું હતું કે કોર્ટમાં પાલિકાને ગેરહાજર રહેવાથી દંડ થયો ન હતો. પરંતુ કોર્ટમાં અપીલ કરી હતી જે કોર્ટે પાછી ખેંચવા કહ્યું હતું. જેમાં દંડ થયો હતો. ત્યારબાદ પાલિકાએ ૫ અપીલ પરત ખેંચી હતી. આ સમગ્ર પ્રકરણ વહીવટદારનાં શાસનમાં થયું હોવાનો શાસકોએ બચાવ કર્યો હતો.